# હોપની સદી, પોલના પંજાથી વિન્ડિઝે ચોથી ટી-20 જીતી

**હોપે** અંતિમ બોલમાં છગ્ગો મારી આ સીરિઝની પોતાની બીજી ટી-20 સદી ફટકારી વેસ્ટઇન્ડિઝને 247 રન પર પહોંચાડ્યું

**ભારતની** તોફાની શરૂઆત પછી કીમો પોલની પ્રભાવક બોલિંગને કારણે ભારત 9 વિકેટે 223 રન સુધી સિમિત રહ્યું



હૈદરાબાદ, તા. 14 : ટી-20 સીરિઝની આજે બુધવારે અહીં રમાયેલી ચોથી ટી-20માં કેપ્ટન શે હોપની 50 બોલમાં 102 રનની નોટઆઉટ સદીની મદદથી વેસ્ટ ઈન્ડિઝે ત્રણ વિકેટે 247 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. તેણે છેલ્લી ઓવરના અંતિમ બોલે સિક્સર ફટકારીને પોતાની સદી પૂરી કરી હતી. આ ઉપરાંત શેરફેન રધરફોર્ડે પણ માત્ર 26 બોલમાં અણનમ 49 રનનું યોગદાન આપ્યું હતું. ભારતીય ટીમ સારી શરૂઆત પછી કીમો પોલની ઘાતક બોલિંગથી લથડતા 9 વિકેટે 223 રન સુધી સિમિત રહેતા વેસ્ટઈન્ડિઝે મેચ 24 રને જીતીને સીરિઝને 2-2ની બરાબરી પર મૂકી દીધી હતી.

ભારતને સંજૂ સેમસને તોફાની શરૂઆત અપાવી હતી પણ તે આઉટ થયા પછી કીમો પોલની પ્રભાવક બોલિંગને પગલે ભારત વતી કોઇ મોટી ઈનિંગ રમી શક્યું નહોતું. તિલક વર્માએ થોડો પ્રતિકાર કર્યો હતો પણ વધતી જતી રનરેટને કારણે મેચ ભારતના હાથમાંથી નીકળી ગઇ હતી. અંતિમ ઓવરમાં અર્શદીપને ખભા પર બોલ વાગતા તે ઘાયલ થઈને રિટાયર્ડ હર્ટ થતાં ભારતીય ઈનિંગનો 223 રને અંત થયો હતો.

વેસ્ટ ઈન્ડિઝના બેટ્સમેનોએ ઈનિંગ દરમિયાન કુલ 16 સિક્સર ફટકારી હતી. ભારતીય બોલરો આખી ઈનિંગ દરમિયાન સાતત્ય જાળવવામાં સંઘર્ષ કરતા નજરે પડ્યા. યજમાન ટીમ દ્વારા ફિલ્ડિંગમાં પણ કેટલાક મહત્વપૂર્ણ કેચ છૂટ્યા હતા. હોપની આ સદી આ સિરીઝની તેની બીજી, આ ટૂર પર ચોથી અને ટી-20I કરિયરની ત્રીજી સદી છે. તેણે રધરફોર્ડ સાથે મળીને માત્ર 43 બોલમાં 91 રનની અણનમ ભાગીદારી નોંધાવીને ટીમને મજબૂત સ્કોર સુધી પહોંચાડી હતી.

| વેસ્ટઇન્ડિઝ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| હોપ નોટઆઉટ | 102 | 50 | 4 | 9 |
| જેવેલ LB બો.અક્ષર | 21 | 16 | 2 | 1 |
| હેટમાયર કોએન્ડબો.પ્રિન્સ | 33 | 12 | 4 | 2 |
| પોવેલ કો.સેમસન બો.અર્શદીપ | 24 | 17 | 2 | 1 |
| રધરફોર્ડ નોટઆઉટ | 49 | 26 | 4 | 3 |
| વારાના | 18 | | | |
| કુલ (20 ઓવરમાં ત્રણ વિકેટે) | 247 | | | |

**વિકેટપતન :** 1-52, 2-110, 3-156

| બોલિંગ | M | R | W | |
|---|---|---|---|---|
| મયંક યાદવ | 4 | 0 | 52 | 0 |
| અર્શદીપ સિંહ | 4 | 0 | 52 | 1 |
| પ્રિન્સ યાદવ | 4 | 0 | 36 | 1 |
| અક્ષર પટેલ | 4 | 0 | 45 | 1 |
| નમન ધીર | 1 | 0 | 19 | 0 |
| નીતિશ કુમાર રેડ્ડી | 3 | 0 | 39 | 0 |

| ભારત | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| સેમસન કો.હેટમાયર બો.પોલ | 56 | 23 | 6 | 4 |
| અભિષેક કો.સ્પ્રીંગર બો.મોતી | 29 | 24 | 3 | 1 |
| ઇશાન કો.એન્ડ્રુ બો.પોલ | 6 | 3 | 0 | 1 |
| શ્રેયસ કો.એન્ડ્રુ બો.સ્પ્રીંગર | 16 | 11 | 2 | 0 |
| તિલક કો.પોવેલ બો.શેફર્ડ | 43 | 25 | 2 | 3 |
| ધીર સ્ટ.હોપ બો.મોતી | 0 | 1 | 0 | 0 |
| નીતિશ કો.પોવેલ બો.પોલ | 41 | 20 | 1 | 4 |
| અક્ષર કો.રધરફોર્ડ બો.પોલ | 3 | 5 | 0 | 0 |
| પ્રીન્સ બો.પોલ | 0 | 1 | 0 | 0 |
| અર્શદીપ રિટાયર્ડ હર્ટ | 5 | 4 | 1 | 0 |
| મયંક નોટઆઉટ | 0 | 1 | 0 | 0 |
| વધારાના | 24 | | | |
| કુલ (19.3 ઓવરમાં નવ વિકેટે) | 223 | | | |

**વિકેટપતન :** 1-60, 2-67, 3-97, 4-130, 5-130, 6-200, 7-212, 8-212, 9-213

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| રોસ્ટન ચેઝ | 4 | 0 | 43 | 0 |
| શેમાર જોસેફ | 2.3 | 0 | 47 | 0 |
| રોમારિયો શેફર્ડ | 3 | 0 | 32 | 1 |
| કીમો પોલ | 4 | 0 | 41 | 5 |
| શેમાર સ્પ્રીંગર | 3 | 0 | 35 | 1 |
| ગુડાકેશ મોતી | 2 | 0 | 13 | 2 |

# ટી-20 રેન્કિંગમાં શ્રેયસ અય્યર કેરિયર બેસ્ટ ચોથા ક્રમે

**ટી-20 રેન્કિંગમાં** ટોપ ટેનમાં ઇશાન પહેલા, અભિષેક બીજા, શ્રેયસ ચોથા અને તિલક નવમા ક્રમે



દુબઈ, તા. 14 (પીટીઆઈ) : વેસ્ટ ઈન્ડિઝ સામે ચાલી રહેલી પાંચ મેચની શ્રેણીમાં પ્રભાવશાળી પ્રદર્શનને કારણે ભારતીય કેપ્ટન શ્રેયસ ઐય્યર બેટ્સમેનોની તાજેતરની આઈસીસી ટી૨૦આઈ રેન્કિંગમાં ત્રણ સ્થાન આગળ વધીને કેરિયર બેસ્ટ ચોથા સ્થાને પહોંચી ગયો છે.

ટી-20 બેટિંગ રેન્કિંગમાં ટોપ 10માં ચાર ભારતીયોનો સમાવેશ થાય છે, જેમાં ઈશાન કિશન 904 પોઈન્ટ સાથે રેન્કિંગમાં ટોચ પર છે, તેના પછી બીજા ક્રમે અભિષેક શર્મા, ચોથા ક્રમે શ્રેયસ અને નવમા ક્રમે તિલક વર્મા છે. પાકિસ્તાનનો સાહિબજાદા ફરહાન કારકિર્દીના શ્રેષ્ઠ 883 પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને છે. શ્રીલંકાનો કુસલ મેન્ડિસ, વેસ્ટ ઈન્ડિઝના શેરફેન રધરફોર્ડ અને ભારતના સંજુ સેમસન પણ રેન્કિંગમાં આગળ વધ્યા છે.

ભારત સામેના પ્રભાવશાળી પ્રદર્શન બાદ વેસ્ટ ઈન્ડિઝનો રોસ્ટન ચેઝ બોલરોના રેન્કિંગમાં 24 સ્થાન આગળ વધીને 23મા સ્થાને પહોંચ્યો છે.

**ટી-20 ટોપ ટેન બેટ્સમેન**

| ક્રમ | ખેલાડી | દેશ | રેટિંગ |
|---|---|---|---|
| 1 | ઇશાન કિશન | ભારત | 904 |
| 2 | અભિષેક શર્મા | ભારત | 891 |
| 3 | સાહિબઝાદા | પાકિસ્તાન | 883 |
| 4 | શ્રેયસ અય્યર | ભારત | 798 |
| 5 | હેરી બ્રુક | ઈંગ્લેન્ડ | 793 |
| 6 | જોશ બટલર | ઈંગ્લેન્ડ | 789 |
| 7 | ડેવાલ્ડ બ્રેવિસ | દ. આફ્રિકા | 789 |
| 8 | ફિલ સોલ્ટ | ઈંગ્લેન્ડ | 775 |
| 9 | તિલક વર્મા | ભારત | 731 |
| 10 | પથુમ નિસાંકા | શ્રીલંકા | 720 |

# પાર્થિવે અરજી ન કરતાં પસંદગી ચેરમેન બનવા પ્રજ્ઞાન ઓઝાનો માર્ગ મોકળો

**પાર્થિવે** પસંદગી પ્રક્રિયાથી દૂર રહેવાનો નિર્ણય કરીને નિર્ધારિત સમયમર્યાદામાં અરજી ન કરી

**રમેશ** પોવાર હવે જૂનિયર પસંદગીને સ્થાને વેસ્ટ ઝોનમાંથી સીનિયર પસંદગીકાર પદ માટે દાવેદાર



નવી દિલ્હી, તા. 14 (પીટીઆઈ) : ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)ની સિનિયર મેન્સ પસંદગી સમિતિમાં વેસ્ટ ઝોનના પ્રતિનિધિ તરીકે અજિત અગરકરના સ્થાને માજી વિકેટકીપર પાર્થિવ પટેલને મજબૂત દાવેદાર માનવામાં આવતો હતો. પરંતુ તેણે આ પદ માટે અરજી કરી નથી, જેના કારણે પ્રજ્ઞાન ઓઝા માટે તેના કાર્યકાળના બાકીના સમયગાળા માટે ચેરમેન તરીકે ચાલુ રહેવાનો માર્ગ મોકળો થયો છે.

વેસ્ટ ઝોનમાં ખાલી જગ્યા ભરવા માટે અરજી કરવાની છેલ્લી તારીખ બુધવારે પૂરી થઈ ગઈ હતી, પરંતુ પાર્થિવે પસંદગી પ્રક્રિયાથી દૂર રહેવાનો નિર્ણય લીધો હતો. બીસીસીઆઈના એક અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે મને ખબર નથી કે બીસીસીઆઈ અરજીની અંતિમ તારીખ લંબાવશે કે નહીં, પરંતુ પાર્થિવે 14 ઓક્ટોબરના રોજ સાંજે 5 વાગ્યા સુધી અરજી કરી ન હતી. જો સમયમર્યાદા લંબાવવામાં આવે અથવા તે પોતાનો વિચાર બદલી નાખે, તો પરિસ્થિતિ બદલાઈ શકે છે.

સાઉથ ઝોનનું પ્રતિનિધિત્વ કરતા ઓઝા તેમના બાકીના કાર્યકાળ માટે ચેરમેન તરીકે રહે તેવી શક્યતા છે. વર્તમાન પસંદગીકારોમાં તેણે સૌથી વધુ ટેસ્ટ રમી છે તે હકીકતથી તેનો દાવો મજબૂત બને છે. જુનિયર પુરુષ પસંદગી સમિતિના અધ્યક્ષ બનવા માટે મજબૂત દાવેદાર માનવામાં આવતો રમેશ પોવાર હવે વેસ્ટ ઝોનમાંથી સિનિયર પસંદગીકાર પદ માટે દાવેદાર બની શકે છે. ભારતના માજી વિકેટકીપર સમીર દિઘેના નામની પણ ચર્ચા થઈ રહી છે. પોવાર અને દિઘે બંનેએ પસંદગીકારોના પદ માટે અરજી કરી હતી.

# ફિફા પોતાના દરેક સભ્ય ફૂટબોલ એસો.ને રૂ. 237 કરોડ આપશે

**ફિફા** તાજેતરના વર્લ્ડકપમાંથી મળેલા ભંડોળનો ઉપયોગ તેના 211 સભ્ય સંગઠનો, સંઘો અને અન્ય હિસ્સેદારોમાં કરશે

**આ યોજનાને** ડિસેમ્બરમાં ફિફા કાઉન્સીલ દ્વારા અંતિમ સ્વરૂપ અપાશે અને માર્ચ 2027માં ફિફા કોંગ્રેસ મંજૂરી આપી શકે

**છ ખંડીય** સંઘોમાંથી દરેકને સમાન સમયગાળા દરમિયાન 9.9 કરોડ ડોલરની રકમ આપવાનો પણ પ્રસ્તાવ

સાઓ પાઉલો, તા. 14 : ફૂટબોલ વિશ્વની સંચાલક સંસ્થા, ફિફા, 2027થી 2030 સુધી તેના સભ્ય દેશોની સામે ફૂટબોલના વિકાસ માટે 6.35 અબજ ડોલરના ભંડોળનો પ્રસ્તાવ મૂકશે, જેમાં દરેક રાષ્ટ્રીય સંગઠન માટે 2.50 કરોડ ડોલર અર્થાત લગભગ 237 કરોડ રૂપિયાની વધેલી રકમનો સમાવેશ થાય છે.

ફિફાએ પોતાના એક દસ્તાવેજમાં જણાવ્યું હતું કે તે તાજેતરના વર્લ્ડકપમાંથી મળેલા ભંડોળનો ઉપયોગ તેના 211 સભ્ય સંગઠનો, સંઘો અને અન્ય હિસ્સેદારોમાં ફૂટબોલ વિકાસમાં રોકાણ વધારવા માટે કરશે.

અગાઉ, દરેક ફૂટબોલ સંગઠનને ચાર વર્ષના સમયગાળામાં એક કરોડ ડોલર મળતા હતા. 14 ઓક્ટોબરના આ દસ્તાવેજમાં, ફિફા વર્લ્ડકપની અભૂતપૂર્વ વ્યાપારી સફળતાને માન્યતા આપવા માટે તેના નાણાકીય અનામતમાંથી તેના સભ્ય દેશોને 3.5 બિલિયન ડોલરથી વધુનું વિતરણ કરવાનો પ્રસ્તાવ રખાયો છે. દસ્તાવેજમાં વધુમાં જણાવાયું છે કે આ નાણાકીય યોજનાને ડિસેમ્બર 2026માં ફિફા કાઉન્સિલ દ્વારા અંતિમ સ્વરૂપ આપવામાં આવશે અને પછી માર્ચ 2027માં 77મી ફિફા કોંગ્રેસમાં અંતિમ મંજૂરી આપવામાં આવશે. ફૂટબોલની ગવર્નિંગ બોડીએ એમ પણ કહ્યું કે તે છ ખંડીય સંઘોમાંથી દરેકને સમાન સમયગાળા દરમિયાન 9.9 કરોડ ડોલરની ઓફર કરશે.

ફિફાએ જણાવ્યું હતું કે જો આ દરખાસ્ત સ્વીકારવામાં આવે તો, 2027-2030 ના સમયગાળા માટે સભ્ય દેશોને ઉપલબ્ધ ભંડોળ બમણાથી વધુ થઈ જશે. આનાથી મહિલા અને યુવા ફૂટબોલમાં રોકાણ અને વિકાસ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

### ભારતીય ફૂટબોલ ફેડરેશનને પણ રૂ. 237 કરોડ મળી શકે

ભારતીય ફૂટબોલ ટીમ ભલે તાજેતરના ફિફા વર્લ્ડકપ માટે બસ ચૂકી ગઈ હોય, પરંતુ આ શોપીસ ઇવેન્ટની અભૂતપૂર્વ વ્યાપારી સફળતાથી તેને મોટો ફાયદો થવાની શક્યતા છે. જો ફિફાના પ્રસ્તાવને તેના સભ્ય ફેડરેશનો દ્વારા સ્વીકારવામાં આવે તો ઓલ ઇન્ડિયા ફૂટબોલ ફેડરેશન (AIFF)ને ફૂટબોલની વૈશ્વિક ગવર્નિંગ બોડી તરફથી આગામી ચાર વર્ષમાં 2.50 કરોડ ડોલર અર્થાત આશરે રૂ. 237 કરોડ મળી શકે છે.

## વુહાન ઓપન : સ્વિટેક અંતિમ 16માં, બેનસિક હારી

વુહાન, તા. 14 : ઇગા સ્વિટેક બુધવારે અહીં વુહાન ઓપન ટેનિસ ટુર્નામેન્ટના સીધા સેટમાં જીત મેળવીને અંતિમ 16માં પ્રવેશ કર્યો હતો. છ વખતની ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન સ્વિટેકે બીજા રાઉન્ડમાં પોતાના જ દેશની મેગ્ડાલેના ફ્રેચને 6-2, 6-1થી હરાવી. હવે તેનો સામનો એશ્લિન ક્રુગર અને લેનલાના તારારુડી વચ્ચેના મેચની વિજેતા સામે થશે. દરમિયાન, બીજા રાઉન્ડની અન્ય મેચોમાં, પાંચમી ક્રમાંકિત એલિના સ્વિટોલીનાએ લ્યુડમિલા સેમસોનોવાને 6-2, 5-7, 6-2થી હરાવી જ્યારે વિશ્વની 170 ક્રમાંકિત સોનાય કાર્ટેલે નવમી ક્રમાંકિત બેલિન્ડા બેનસિકને 6-0, 7-5થી હરાવીને અપસેટ સર્જ્યો.

## વુહાન ઓપન : સબાલેન્કાને બિનક્રમાંકિત એન લી હરાવી

વુહાન, તા. 14 : બેલારુસિયન ટોચની ક્રમાંકિત ખેલાડી આર્યના સબાલેન્કાના ફોર્મનો મુશ્કેલ દોર વુહાન ઓપનમાં પણ ચાલુ રહ્યો હતો અને તેણે રાઉન્ડ ઓફ 32માં બિનક્રમાંકિત અમેરિકન એન લી સામે 3-6, 6-4, 7-6થી આઘાતજનક હારનો સામનો કરવો પડ્યો. ચાર વખતની ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન, શરૂઆતનો સેટ જીત્યા પછી આગળ વધવા માટે તૈયાર દેખાતી હતી, પરંતુ લીની વાપસીને રોકવા માટે સંઘર્ષ કરવો પડ્યો. વિશ્વમાં 31મા ક્રમે રહેલી, અમેરિકન ખેલાડીએ બીજા સેટમાં 4-2થી પાછળ રહીને નિર્ણાયક ગેમમાં જીત મેળવી અને પછી દબાણ હેઠળ શાંત પ્રદર્શન કરીને પોતાની કારકિર્દીની સૌથી મોટી જીત મેળવી.

## સિત્સિપાસને હરાવી મેદવેદેવ શાંઘાઈ માસ્ટર્સની ક્વાર્ટર ફાઇનલમાં

શાંઘાઈ, તા. 14 : ડેનિલ મેદવેદેવે સ્ટેફાનોસ સિત્સિપાસને હરાવીને શાંઘાઈ માસ્ટર્સ ટેનિસ ટૂર્નામેન્ટના ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. પાંચમા ક્રમાંકિત મેદવેદેવે સિત્સિપાસને 6-4, 7-5થી હરાવ્યો અને સતત ત્રણ વર્ષમાં ટુર્નામેન્ટના ક્વાર્ટર ફાઇનલમાં પહોંચનાર ચોથો ખેલાડી બનીને રોજર ફેડરર, નોવાક જોકોવિચ અને એન્ડી મુરે સાથે જોડાયો. અગાઉ, સ્પેનના રાફેલ જોડારે એક સેટ પાછળ રહ્યા બાદ વાપસી કરીને બોટિક વાન ડી ઝાન્ડ્સખોલ્પને 6-7 (4), 6-4, 6-2 થી હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

## ડેનમાર્ક ઓપન : સાત્વિક-ચિરાગ સહિતના ભારતીય શટલર આઉટ

ઓડેન્સ, તા. 14 (પીટીઆઈ) : સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની ભારતીય પુરુષ ડબલ્સ જોડી, ઉન્નતિ હુડા અને આયુષ શેટ્ટી આજે બુધવારે પોતપોતાની મેચ હારીને અહીં ડેનમાર્ક ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટમાંથી બહાર થઇ ગયા હતા. વિશ્વની પાંચમી ક્રમાંકિત ભારતીય જોડી સાત્વિક અને ચિરાગનો પુરુષોની ડબલ્સ રાઉન્ડ ઓફ ૩૨ મેચમાં ૩૭મા ક્રમાંકિત ચીની જોડી હી જી ટિંગ અને રેન ઝિયાંગ યુ સામે ૨૧-૧૨, ૧૫-૨૧, ૧૯-૨૧થી પરાજય થયો હતો. મેન્સ સિંગલ્સના રાઉન્ડ ઓફ ૩૨માં, આયુષ શેટ્ટીનો ઇન્ડોનેશિયાના અલ્વી ફરહાન સામે ૨૧-૧૧, ૧૩-૨૧, ૨૧-૧૦થી પરાજય થયો. જ્યારે ઉન્નતિ હુડ્ડા એમહિલા સિંગલ્સ રાઉન્ડ ઓફ ૩૨ મેચમાં ચીનની હાન કિઆન શી સામે ૨૧-૨૩, ૨૧-૧૬, ૧૬-૨૧થી હારી ગઈ.

## રણજી ટ્રોફી રાઉન્ડ અપ

### સિદ્ધાર્થ દેસાઈના પંજાથી ગુજરાતે ઓડિશાને 10 વિકેટથી હરાવ્યું

અમદાવાદ : રણજી ટ્રોફી ગ્રુપ સી મેચમાં આજે બુધવારે અહીં ડાબોડી સ્પિનર સિદ્ધાર્થ દેસાઈના 36 રનમાં પાંચ વિકેટના શાનદાર બોલિંગ પ્રદર્શનની મદદથી ગુજરાતે ઓડિશાને ૧૦ વિકેટથી હરાવીને બોનસ પોઈન્ટ સહિત સાત પોઈન્ટ મેળવ્યા હતા. ઓડિશાએ સવારે ચાર વિકેટે 119 રનથી પોતાનો દાવ આગળ વધાર્યો પણ તેઓ 42 રનના ઉમેરા સાથે 161 રનમાં ઓલઆઉટ થઈ ગયા. જેનાથી ગુજરાતને માત્ર 47 રનનો લક્ષ્યાંક મળ્યો, જે તેણે 9.3 ઓવરમાં વિના વિકેટે આંબી લીધો હતો. ઓડિશા માટે સંદીપ પટનાયકે 65 અને નિનાદ રાઠવાએ 53 રન બનાવ્યા હતા. ડાબોડી ફાસ્ટ બોલર અર્જન નાગવાસવાલાએ ઇનિંગમાં 3/33 સાથે મેચમાં કુલ છ વિકેટ લીધી હતી.

### બરોડાએ ગોવાને એક ઇનિંગ્સ અને 135 રનથી હરાવ્યું

પણજી : રણજી ટ્રોફી 2026-27 ના એલીટ ગ્રુપ-A માં શાનદાર પ્રદર્શન કરીને બરોડાએ સિઝનની વિજયી શરૂઆત કરી. ટીમે ગોવાને એક ઇનિંગ્સ અને 135 રનથી હરાવીને બોનસ પોઇન્ટ સહિત કુલ 7 પોઇન્ટ મેળવ્યા. અહીંના જીમખાના ગ્રાઉન્ડ ખાતે 11 થી 14 ઓક્ટોબર સુધી રમાયેલી 4 દિવસીય મેચના છેલ્લા દિવસે, બરોડાએ ગોવાના બીજા ઇનિંગ્સને 138 રનમાં ઓલઆઉટ કરીને મોટી જીત નોંધાવી. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધા પછી, બરોડાએ 157 ઓવરમાં 8 વિકેટે 472 રન બનાવ્યા બાદ ઇનિંગ્સ ડિક્લેર કરી હતી.

### બંગાળે દિલ્હીને હરાવીને જીત સાથે પોતાના અભિયાનની શરૂઆત કરી

કલ્યાણી : રણજી ટ્રોફી ગ્રુપ સીની અહીં રમાયેલી અન્ય એક મેચમાં આજે બુધવારે બંગાળે ચોથા અને અંતિમ દિવસે દિલ્હીને નવ વિકેટથી હરાવીને પોતાના અભિયાનની શરૂઆત જીત સાથે કરી હતી. ત્રણ વિકેટે 107 રનથી આજે પોતાનો દાવ આગળ ધપાવતા દિલ્હી 277 રનમાં ઓલઆઉટ થયું હતું પ્રથમ દાવમાં દિલ્હીના 240 રનના જવાબમાં, બંગાળે પોતાની પ્રથમ ઇનિંગમાં 429 રન બનાવ્યા હોવાથી તેમને જીત માટે 89 રનનો લક્ષ્યાંક મળ્યો હતો જે તેમણે ફક્ત 15.3 ઓવરમાં એક વિકેટના ભોગે કબજે કર્યો હતો.

### ડ્રો થયેલી મેચથી આંધ્ર, સૌરાષ્ટ્ર અને પંજાબને ત્રણ પોઈન્ટ મળ્યા

મુલાપાડુ : રણજી ટ્રોફી એલિટ ગ્રુપ બીમાં આજે બુધવારે મેચ ડ્રો થયા બાદ આંધ્ર, સૌરાષ્ટ્ર અને પંજાબે પ્રથમ દાવની સરસાઇના આધારે ત્રણ-ત્રણ પોઈન્ટ મેળવ્યા હતા, જ્યારે આઠ વખતના ચેમ્પિયન કર્ણાટક, છત્તીસગઢ અને આસામને એક-એક પોઈન્ટથી સંતોષ માનવો પડ્યો હતો. રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે છત્તીસગઢ સામેની મેચ ડ્રો થતાં યજમાન સૌરાષ્ટ્રે પ્રથમ ઇનિંગમાં 80 રનની સરસાઇના આધારે ત્રણ પોઈન્ટ મેળવ્યા. ગતસિઝનના રનર્સ-અપ કર્ણાટક સામેની મેચમાં યજમાન આંધ્રએ પ્રભુત્વ જમાવીને 144 રનની નોંધપાત્ર સરસાઇ મેળવી હતી. મુલ્લાનપુરમાં સીઝનની શરૂઆત ડ્રો કર્યા બાદ પંજાબે પ્રથમ ઇનિંગ્સની લીડના આધારે ત્રણ પોઈન્ટ મેળવ્યા હતા.

### વરસાદે મધ્યપ્રદેશ સામે ડિફેન્ડિંગ ચેમ્પિયન જમ્મુ-કાશ્મીરની લાજ બચાવી

શ્રીનગર : રણજી ટ્રોફીમાં ગ્રુપ એની એક મેચમાં અહીં આજે બુધવારે ડિફેન્ડિંગ ચેમ્પિયન જમ્મુ અને કાશ્મીરે વરસાદ અને ખરાબ પ્રકાશને કારણે પોતાનો પહેલો મુકાબલો ડ્રો કરીને હાર ટાળી હતી. વરસાદ અને નબળા પ્રકાશને કારણે, ચોથા અને અંતિમ દિવસે રમત પ્રભાવિત થવાથી વિજયનું દાવદાર મધ્યપ્રદેશ મેચ જીતી શક્યું નહોતું. મધ્યપ્રદેશે પોતાનો બીજો દાવ છ વિકેટે 249 રન પર ડિકલેર કર્યો, જેનાથી જમ્મુ અને કાશ્મીરને જીત માટે 326 રનનો લક્ષ્યાંક મળ્યો હતો. ખરાબ હવામાનને કારણે મેચ રદ કરવામાં આવી ત્યારે યજમાન ટીમનો સ્કોર સાત વિકેટે 88 રન હતો.

# બોક્સિંગ ફેડરેશને મહામંત્રી પ્રમોદ કુમારને સસ્પેન્ડ કર્યા

**નાણાકીય** અનિયમિતતાઓના આરોપની તપાસમાં અસહકાર અને સત્તાના દુરુપયોગને પગલે BFIએ પગલું ભર્યું

**પ્રમોદ** કુમારે બીએફઆઇના અજય સિંહ અને કર્નલ મલિક વિરુદ્ધ પીએમ મોદીને લખેલા પત્ર પછી નિર્ણય લેવાયો

નવી દિલ્હી, તા. 14 (પીટીઆઈ) : બોક્સિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (બીએફઆઇ)ના પ્રમુખ અજય સિંહે કથિત નાણાકીય અનિયમિતતાઓ, તપાસમાં અસહકાર અને તેમની સત્તાના દુરુપયોગના આરોપસર મહામંત્રી પ્રમોદ કુમારને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કર્યા છે.

મંગળવારે જારી કરાયેલા સસ્પેન્શન ઓર્ડરમાં અજય સિંહે કુમાર સામે અનેક આરોપો ટાંક્યા હતા, જેમાં જરૂરી મંજૂરી વિના પ્રસારણ વ્યવસ્થા માટે આદેશો આપવાનો પણ સમાવેશ થાય છે. કુમાર પર રાષ્ટ્રીય ચેમ્પિયનશિપ રદ કરવાની તપાસમાં સહકાર ન આપવાનો અને રાષ્ટ્રપતિ સામે અવિશ્વાસ પ્રસ્તાવ લાવવા માટે અનધિકૃત બેઠક બોલાવવાનો પ્રયાસ કરવાનો પણ આરોપ છે.

આદેશમાં કહેવાયું છે કે બીએફઆઇ બંધારણની લાગુ જોગવાઈઓ હેઠળ, તમને તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી અથવા સક્ષમ અધિકારી દ્વારા આદેશમાં સુધારો અથવા રદ ન થાય ત્યાં સુધી તાત્કાલિક અસરથી સેક્રેટરી જનરલ પદ પરથી કામચલાઉ ધોરણે સસ્પેન્ડ કરવામાં આવે છે. આ એક વચગાળાની સુરક્ષા છે અને તેને તમારા વિરુદ્ધના આરોપો પર અંતિમ નિર્ણય તરીકે ગણી શકાય નહીં. લાગુ પ્રક્રિયાઓ અનુસાર આરોપોની તપાસ કરવામાં આવશે અને વચગાળાનું સસ્પેન્શન BFI બંધારણ હેઠળ નિર્ધારિત નિયમોને આધીન રહેશે. આ નિર્ણય કુમાર દ્વારા વડા પ્રધાન નરેન્દ્ર મોદીને લખેલા પત્રમાં અજય સિંહ અને BFIના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર કર્નલ અરુણ મલિક પર પ્રમુખ વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવવા માટે ગુનાહિત ધાકધમકી આપવાનો આરોપ લગાવ્યાના એક દિવસ પછી આવ્યો છે, આ આરોપને મલિકે પાયાવિહોણો ગણાવ્યો હતો.

# પીએમ મોદી એશિયન ગેમ્સમાં ભાગ લેનાર ભારતીય દળને આજે મળશે

**આ** કાર્યક્રમ આજે મેજર ધ્યાનચંદ રાષ્ટ્રીય સ્ટેડિયમ ખાતે લગભગ સાંજે 4:30 વાગ્યે યોજાશે

નવી દિલ્હી, તા. 14 (પીટીઆઇ) : વડાપ્રધાનનરેન્દ્ર મોદી આવતીકાલે ગુરુવારે અહીં તાજેતરમાં પૂર્ણ થયેલા આઈચી-નાગોયા એશિયન ગેમ્સમાં ભાગ લેનાર ભારતીય ટુકડીના ખેલાડીઓને મળશે. પીએમઓ દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, આ કાર્યક્રમ મેજર ધ્યાનચંદ રાષ્ટ્રીય સ્ટેડિયમ ખાતે લગભગ સાંજે 4:30 વાગ્યે યોજાશે. વડાપ્રધાન આ પ્રસંગે તેમને સંબોધન પણ કરશે.

ભારત એશિયાડમાં 21 ગોલ્ડ, 27 સિલ્વર અને 37 બ્રોન્ઝ મળીને કુલ 85 મેડલ સાથે ચોથા સ્થાને રહ્યું હતું. આ ભારતનું સતત બીજું ટોપ-ફાઈવ ફિનિશ હતું, પરંતુ તેની મેડલ સંખ્યા 2023 હાંગઝોઉ એશિયન ગેમ્સમાં જીતેલા રેકોર્ડ 106 મેડલથી ઓછી રહી હતી. આ કાર્યક્રમમાં ભારતીય ટુકડી, તેના ખેલાડીઓ, તેમના કોચ અને સહાયક સ્ટાફ, ભારતીય ઓલિમ્પિક સંઘના અધિકારીઓ, રાષ્ટ્રીય રમતગમત સંઘોના પ્રતિનિધિઓ ઉપરાંત યુવા બાબતો અને રમતગમત મંત્રાલયના અધિકારીઓ હાજરી આપશે. ભારતે આઈચી-નાગોયા ગેમ્સમાં 501 ખેલાડીઓની ટુકડી મોકલી હતી, જેમાંથી 310 ખેલાડીઓ પહેલી વાર એશિયન ગેમ્સમાં ભાગ લઈ રહ્યા હતા.

## IPL ટ્રેડ : નટરાજનની સનરાઈઝર્સમાં વાપસી, ઝીશાન દિલ્હી કેપિટલ્સમાં




મુંબઈ, તા. 14 (પીટીઆઇ) : બે આઈપીએલ ફ્રેન્ચાઈઝી વચ્ચે આજે બુધવારે થયેલા ખેલાડીઓના ટ્રેડના ભાગ રૂપે ડાબોડી ઝડપી બોલર ટી નટરાજન સનરાઈઝર્સ હૈદરાબાદમાં પાછો ફર્યો જ્યારે લેગ-સ્પિનર ઝીશાન અંસારી બુધવારે દિલ્હી કેપિટલ્સમાં જોડાયો છે. નટરાજનને આઇપીએલ 2025ની હરાજીમાં દિલ્હી કેપિટલ્સ દ્વારા 10.75 કરોડમાં ખરીદવામાં આવ્યો હતો. જો કે તે રૂ. 5 કરોડની સુધારેલી ફીમાં 2016ના ચેમ્પિયન સાથે જોડાશે. આઈપીએલ 2026 સીઝનમાં સનરાઈઝર્સ હૈદરાબાદ માટે 10 મેચ રમનાર અંસારી, તેની વર્તમાન ફી રૂ. 40 લાખ સાથે દિલ્હી કેપિટલ્સ સાથે જોડાશે.

## સૂર્યાંશ શેડગેને ન્યૂઝીલેન્ડ સામેની વન ડે ટીમમાં સામેલ કરાય તેવી સંભાવના

નવી દિલ્હી, તા. 14 (પીટીઆઈ) : તાજેતરમાં ઓસ્ટ્રેલિયા એ સામે લિસ્ટ એ ટુર્નામેન્ટમાં સારું પ્રદર્શન કરનારા મુંબઈના ઝડપી બોલિંગ ઓલરાઉન્ડર સૂર્યાંશ શેડગેને ન્યૂઝીલેન્ડ પ્રવાસ માટે ભારતની વનડે ટીમમાં પસંદ કરવામાં આવી શકે છે.

ઈંગ્લેન્ડ સામે ત્રણ ટી-20 મેચ રમનાર 23 વર્ષીય શેડગે તાજેતરમાં હેમસ્ટ્રિંગની ઈજામાંથી સ્વસ્થ થયા બાદ સ્પર્ધાત્મક ક્રિકેટમાં પાછા ફર્યો હતો. પુડુચેરીમાં ઓસ્ટ્રેલિયા એ સામેની બિનસત્તાવાર વનડે સીરિઝમાં તેણે બેટ અને બોલ બંનેથી તેણે પ્રભાવિત કર્યા હતા. બીસીસીઆઈના એક સૂત્રએ જણાવ્યું હતું કે, ટેસ્ટ સીરિઝમાં ચોથા ફાસ્ટ બોલર અને નીચલા ક્રમના બેટ્સમેન તરીકે નીતિશ કુમાર રેડ્ડી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે, તેથી શેડગેને વનડે ટીમમાં પસંદ કરવામાં આવે તેવી શક્યતા છે. રેડ્ડી બધી વનડે રમશે નહીં કારણ કે તેને ટેસ્ટ સીરિઝની તૈયારી કરવાની જરૂર છે.

### 45મી પીઠાવાલા ટ્રોફીનો આરંભ, પ્રથમ મેચમાં શ્રીસ્પોર્ટસે ટાઇટેનિયમને હરાવ્યું



સુરતની નામાંકિત પીઠાવાલા ટ્રોફીની 45મી એડિશનનો શુભ આરંભ સોમવારે સી. કે. પીઠાવાલા સ્ટેડિયમ ખાતે થયો હતો. લીગ ધોરણે 12 ટીમો વચ્ચે રમાનારી આ ટુર્નામેન્ટની પ્રથમ મેચ શ્રી સ્પોર્ટ્સ એકેડેમી અને ટાઇટેનિયમ-10 વચ્ચે રમાઇ હતી. 50 ઓવરની આ મેચમાં ટાઇટેનિયમ-10એ ટોસ જીતી પ્રથમ બેટીંગ કરતા 99 રનમાં ઓલઆઉટ થઇ હતી. 100 રનના પીછો કરતા શ્રી સ્પોર્ટ્સ એકેડેમીએ 16.3 ઓવરમાં 5 વિકેટના ભોગે પવિત્ર પટેલના 65 રનની મદદથી આંબી લીધો હતો.

# રહાણે, ગાંગુલીએ પ્રિન્સ વિલિયમ સાથે પ્રદર્શની ક્રિકેટ મેચ રમી



**બ્રિટિશ** શાહી પરિવારની પર્યાવરણીય પહેલ અર્થશોટ એવોર્ડ્સને પ્રોત્સાહન આપવા ટેનિસ બોલ મેચ યોજાઇ

લંડન, તા. 14 : ભારતના માજી કેપ્ટન સૌરવ ગાંગુલી અને અજિંક્ય રહાણેએ પ્રિન્સ વિલિયમ સાથે ફ્રેન્ડલી ટેનિસ બોલ ક્રિકેટ મેચમાં ભાગ લીધો હતો. આ મેચનું આયોજન બ્રિટિશ શાહી પરિવારની પર્યાવરણીય પહેલ, આવતા મહિને મુંબઈમાં યોજાનારા અર્થશોટ એવોર્ડ્સને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવ્યું હતું.

તાજેતરમાં જ ક્રિકેટના તમામ સ્વરૂપોમાંથી નિવૃત્તિ લેનાર રહાણે તેમજ ગાંગુલી ઉપરાંત વેસ્ટ ઈન્ડિઝના માજી દિગ્ગજ બ્રાયન લારા અને ઈંગ્લેન્ડના જો રૂટ, હેરી બ્રુકે પણ આ મેચમાં ભાગ લીધો હતો. આ બધાએ મંગળવારે બકિંઘમ પેલેસની બહાર ધ મોલમાં પ્રિન્સ વિલિયમના આમંત્રણ પર મેચ રમી હતી. રહાણેએ બુધવારે લિંક્ડઇન પર એક પોસ્ટમાં કહ્યું કે ક્રિકેટ રમવાથી મને દુનિયાભરમાં ઘણી જગ્યાએ ફરવાનો મોલ મળ્યો છે, પરંતુ બકિંઘમ પેલેસને પૃષ્ઠભૂમિ બનાવીને લંડનના ધ મોલમાં ટેનિસ બોલ ક્રિકેટ રમવું એ એક એવો અનુભવ છે જે મને લાંબા સમય સુધી યાદ રહેશે.